નમસ્કાર ગાંધીનગર

પમરાટ

મંદિરો માટે તો આરસ જોઈએ
ભક્તિ માટે મન નિખાલસ જોઈએ

કઈ રીતે જગ થાય રોશન, શું ખબર?
ઝૂંપડીને માત્ર ફાનસ જોઈએ

દેહ તો કંતાનથી ઢાંકી શકો
આયનો બોલ્યો કે અતલસ જોઈએ

એક વૈરાગીને જોયો તો થયું
કંઈ ન કરવામાંય સાહસ જોઈએ

ધનને માટે એક વંશજ કાફી છે
ભાષા માટે લાખ વારસ જોઈએ

એકરસ થઈને ગઝલ લખતો રહ્યો
એ ખબર નહોતી કે નવરસ જોઈએ

- રઈશ મનીઆર

પાથેય

- રમેશ ઠક્કર

ભાષાના વારસ...

બાહ્યાચાર માટે શરતો હોઇ શકે..જેમ સુંદર દેખાવા માટે મેકઅપનો ઉપયોગ થાય છે એ જ રીતે કોઇક મકાન કે દીવાલને સજાવવા રંગરોગાન થતાં હોય છે..બહારથી આરસ જડેલાં મંદિરો ઝાકમઝોળ લાગે છે.પરંતુ એ બાહ્ય ચળકાટ ભીતર સુધી ઉતરે જ એવું બનતું નથી.ભીતરના ભેદભરમ અલગ છે.અંદરથી જે આકાર પામે એનો કોઇ ઠઠારો જોઇ શકાતો નથી..દિલમાંથી પ્રગટતી ભકિતના ભાવો એવા જ સાત્વિક આવિષ્કારનો ઉપહાર બની જાય છે..જેનું ભીતર ઝળાંહળાં હોય એને બાહ્ય ઉપચારોની જરૂર પડતી નથી.આ વૈભવ પામવા માટેની શરત છે નિખાલસતા!

આપણે દુનિયાને બદલવાના દાવા કરતા રહીએ છીએ.આખા જગતમાં પ્રકાશ રેલાવવાનો નિરર્થક પ્રયાસ કરતા રહીએ છીએ.જગતને રોશન કરવા માટે શું કરવું જોઇએ એની જાણકારી કદાચ ના હોય તો ચાલે.આપણી નાનકડી ઝૂંપડીમાં અજવાળું પાથરીએ તો પણ ઘણું..જગતને અજવાળવા માટે તો સૂરજ જેવાં ઉપકરણ જોઈએ..આપણી ઝૂંપડી માટે એકાદું નાનકડું ફાનસ કાફી બની જાય છે..

આપણી જરૂરિયાત કેટલી ? એક માણસને આખરે કેટલી જમીન જોઈએ? એ વાર્તા ભણવામાં આવતી.દેહને ઢાંકવા એકાદ નાની પોતડી કે કંતાન કાફી બની જાય છે..આયનો એટલે કે અન્યને બતાવવાના જે ઘખારા હોય છે એના કારણે અતલસ જેવાં મોંઘાંદાટ વસ્ત્રો માટેની હોડ શરૂ થઈ જાય છે..લડવું કે સતત ઝઝૂમવું એને આપણે સાહસ ગણીએ છીએ..મનની તાકાત એના કરતાં અનેકગણી હોય છે.આપણે એ અનુભવતા નથી.ત્યાગનો જે વૈભવ છે એની આગળ ભરપૂર વૈભવ પાણી ભરે !વૈરાગી માણસને જોઇ થાય કે કશું ના કરવામાં પણ કેટલી તાકાત જોઈએ !

આપણી વારસાઈ એ જ આપણું ગંતવ્ય બની જાય તો જીવન ચીલાચાલુ જ બને.ધન કે જમીન જાયદાદ માટે આપણે વારસદાર નીમીએ એ મોટાભાગે લોહીના સંબંધોવાળા એકાદ બે કે ગણ્યા ગાંઠિયા હોઇ શકે..પરંતુ આપણી ભાષા કે સંસ્કૃતિનો વારસો સાચવવા તો લાખો વારસદાર જોઈએ !

કોઇપણ રચના લખવી આસાન નથી.ગઝલ ઉપર હાથ અજમાવનાર એકલદોકલ રસ થકી કામ ના લઈ શકે.એને એ બાબતની ખાતરી હોવી જોઇએ કે ગઝલના સાત રંગો છે અને એ પ્રત્યેક રંગની આગવી રોશની હોય છે..!

અને હવે એ ખબર પાડવાની હતી જયવીરના ઘરમાં....

સ-રસ
મમતા બુચ

"શું કરશું આનો રસ્તો? જયવીરના ઘરમાં ઘૂસવાનો કોઈક આઇડિયા તો મોક્ષાડીને શોધી આપવો પડશે ને!" શીલુ બોલી ઊઠી. મિત્રવૃંદે હકારમાં ડોકું હલાવ્યું. અને ફરી બધાં વિચારે ચડી ગયાં.

વાત જાણે એમ હતી કે એ બધાં જ કોલેજમાં ભણતાં નવલોહિયાઓ હતાં. ત્રણ વર્ષ સાથે ભણવાથી બધાંને એક-બીજા સાથે ખાસ્સી આત્મીયતા થઈ ગઈ હતી. કોઈની પણ ખાસ વાત ક્યારે ય "ખાસ" રહેતી નહોતી. એ "ઓપન સિક્રેટ" થઈ જતી હતી! પણ પાછી એ મિત્રવૃંદની બહાર જતી નહોતી. અંદરોઅંદર એટલી બધી પ્રામાણિકતા હતી!

એવી જ એક વાત હતી જયવીર અને મોક્ષાના પ્રેમસંબંધની. બંને હસતાં-રમતાં ક્યારે પ્રેમમાં પડી ગયાં એ ન તો એમને ખબર રહી કે ન તો એમના દોસ્તોને. અને હવે એ ખબર પાડવાની હતી જયવીરના ઘરમાં. કારણકે હવે કોલેજનું ત્રીજું વર્ષ પૂરું થવાના આરે હતું. એ પછી બધાં પોત-પોતાના રસ્તે ફંટાઈ જવાનાં હતાં. દરેકનું લક્ષ્ય નિશ્ચિત હતું. જયવીર પિતાનો ધીકતો બિઝનેસ સંભાળી લેવાનો હતો.

ખરી તકલીફ ત્યાં હતી કે છેલ્લા છએક મહીનાથી મોક્ષાના ઘરમાં મોક્ષા માટે મૂરતિયા જોવાઈ રહ્યા હતા. અને મોક્ષાનું ચિત્ત જયવીર સિવાય ક્યાંય ચોંટતું નહોતું. સામે પક્ષે જયવીરને પણ મોક્ષા ગમતી જ હતી. એટલે મિત્રવૃંદ એ બંને જણાની મદદે આવ્યું હતું. મોક્ષાએ જાહેર કરી દીધું હતું કે અન્ય જ્ઞાતિમાં જન્મેલા જયવીરની સાથે લગ્ન કરવા એનાં માતા-પિતા સંમતિ નહીં આપે એટલે જયવીરના ઘરમાં મોક્ષાને વહુ તરીકે ઈંટ્રોડ્યુસ કરવાની કવાયત ચાલી રહી હતી.

એમાં અચાનક શીલુના મગજમાં આઈડિયા આવ્યો, "હે ય ફ્રેંડ્ઝ, આપણે એમ કરીએ તો કે પહેલાં એક રિહર્સલ કરી લઈએ તો?" બધાં અસમંજસભરી દ્રષ્ટિએ એને તાકી રહ્યાં. શીલુએ ફોળ પાડ્યો, "એમ કહું છું કે મોક્ષા જે રીતે જયવીરના ઘરે પહેલી વાર એનાં મમ્મી-ડેડીને મળવા જાય એ રીતે આપણા સર્કલમાંથી પહેલાં કોઈકના ઘરે એની પ્રેક્ટિસ કરે. એટલે સંભવિત ગરબડોનો અંદાજ આવી જાય અને એને નિવારી શકાય." હિરેન બોલ્યો, "હા, અને એ બહાને મોક્ષાનો ડર પણ થોડો દૂર થઈ જાય." "ગૂડ આઈડિયા!" મોક્ષા ખુશ થઈ ગઈ. "આમે ય મને બહુ જ બીક લાગે છે. આવું બધું તો હું પહેલી વાર કરી રહી છું." "ઓ મેડમ! મારાં લગ્ન પણ પહેલી વાર જ થશે! મારા માટે પણ આ બધું પહેલી વાર જ છે!" જયવીર બોલી ઊઠ્યો. બધાં એની સાથે હસી પડ્યાં.

"પણ આ રિહર્સલ માટે કોનું ઘર પસંદ કરીશું?" હિરેને પ્રશ્ન ઉઠાવ્યો. "તારું વળી, બીજા કોનું?" મોક્ષાએ ફટ દઈને કહ્યું. બધાંએ વાતને અનુમોદન આપ્યું. સર્વસંમતિથી હિરેનનું ઘર નક્કી કરવામાં આવ્યું. પણ હિરેનનાં મા-બાપને આ વાતથી અજાણ રાખવાં એવું નક્કી થયું. હિરેને કહ્યું પણ ખરું કે પછી એની વાટ લાગી જશે પરંતુ મિત્રતા માટે એ બલિદાન આપવા તૈયાર છે! બે દિવસ પછીની તારીખ નક્કી થઈ.

નાટકના પહેલાં અંકનો પહેલો સીન શરૂ થયો. રોજ વેસ્ટર્ન ડ્રેસીંગમાં સજ્જ રહેતી મોક્ષા આજે સલવાર-કમીઝમાં આવી હતી. હિરેને એને ત્યાં જ ટોકી. "મોક્ષા, તું જીંદગીભર ઈંડિયન સ્ટાઈલનાં કપડાં પહેરવાની છે? તું જેમ રહેવાની છે એમ જ મારા ઘરે આવ. એટલે કાલ ઊઠીને તું વેસ્ટર્ન કપડાં પહેરે તો એ લોકોને એમ ન લાગે કે તેં એમને છેતર્યાં છે." બધાં "બરાબર, બરાબર" પોકારી ઊઠ્યાં.

ફટાફટ કપડાં બદલીને મોક્ષા ફરી આવી પહોંચી. હિરેન અને મોક્ષા હિરેનના ઘરે પહોંચ્યાં. મિત્રવૃંદ આઘે સંતાઈને તમાશો જોઈ રહ્યું હતું.

હિરેનના પપ્પા આંગણામાં હીંચકે બેસીને અખબાર વાંચી રહ્યા હતા. એનાં મમ્મી ઘરકામમાં વ્યસ્ત હતાં. હિરેને સ્હેજ દબાતા અવાજે પૂછ્યું, "પપ્પા, થોડી વાર ફ્રી છો?" પપ્પાએ અખબારમાં જ મોઢું નાખીને હકારમાં ડોકું ધૂણાવ્યું. પછી ઉપર જોયું. દિકરાનું મોઢું અને બાજુમાં ઊભેલી છોકરીને જોઈને એ સમજી ગયા કે હવે ક્યો સીન આવવાનો હતો. એમણે છાપું બાજુમાં મૂક્યું અને પત્નીને બૂમ પાડીને બહાર બોલાવી. બંને હિરેનને અને મોક્ષાને તાકી રહ્યાં.

હિરેન ધીમેથી બોલ્યો, "આ મોક્ષા છે." એના પપ્પાએ પૂછ્યું, "આવો બેટા, બેસો. હિરેનને કેવી રીતે ઓળખો છો?" મોક્ષા બોલી, "હું ને હિરેન કોલેજમાં હારે ભણીએ છીએ." હિરેનનાં મમ્મી "હારે" શબ્દ સાંભળીને હસી પડ્યાં. એના પપ્પાએ તરત બાજી સંભાળી. "મોક્ષા સૌરાષ્ટ્રની લાગે છે, કેમ ને બેટા? જેવી જેની બોલી. અમારી મહેસાણાની બોલી સાંભળીને તને પણ હસવું આવી જશે." મોક્ષા ઘણી કમ્ફર્ટેબલ થઈ ગઈ.

હિરેનનાં મમ્મીએ પૂછ્યું, "ભણીને શું કરવાનું વિચાર્યું છે?" મોક્ષા બોલી, "લગ્ન તો કરવાં જ જોઈએ એમ હું માનું છું પણ પછી મને મારાં સાસરાપક્ષવાળાં હા પાડશે તો નોકરી કે બીજી કોઈ પ્રવૃત્તિ કરીશ." હિરેનનાં મમ્મી તરત બોલ્યાં, "હા, હા, કેમ નહીં? અત્યારના જમાનામાં તો છોકરીઓ પગભર હોવી જ જોઈએ. બેટા હિરેન, તારે અને મોક્ષાને બીજું કંઈ પણ પૂછવું હોય તો પૂછી શકો છો."

અત્યાર સુધી ચૂપ રહેલો હિરેન ખડખડાટ હસી પડ્યો. "મમ્મી, મેં ક્યાં કહ્યું જ છે કે મોક્ષાને હું આ ઘરની વહુ બનાવવા લાવ્યો છું? શી ઈઝ જસ્ટ અ ગૂડ ફ્રેન્ડ ઑફ માઈન." મા-બાપ સ્હેજ વાર ઝંખવાણા પડી ગયાં. પછી એ પણ ખડખડાટ હસી પડ્યાં. ગ્રાન્ડ રિહર્સલ પતી ગયું.

બીજે દિવસે એક્ચ્યુયલ શો શરૂ થયો. મોક્ષા વેસ્ટર્ન ડ્રેસમાં આવી. જયવીરે જોઈને તરત કહ્યું, "મોક્ષા, મારાં મમ્મી-પપ્પાને મળવા જવાનું છે. જરા ઢંગનાં કપડાં પહેરે તો સારું." મોક્ષા તરત કપડાં બદલીને આવી ગઈ. આખું મિત્રવૃંદ જયવીરના ઘરે પહોંચ્યું.

જયવીરના પપ્પા ઘરનાં આંગણામાં ફોન પર કોઈની સાથે વાત કરી રહ્યા હતા. મોક્ષા અને જયવીર થોડે દૂર સામે ઊભાં રહ્યાં. વાત પૂરી થયા પછી એમણે જયવીરને બોલાવ્યો, "બોલ જયવીર, શું કામ હતું? તને ખ્યાલ નથી કે કોઈ ફોન પર હોય ત્યારે એને માથે ન ઊભા રહેવું જોઈએ?" જયવીર જરા ખચકાયો. પછી હિંમત એકઠી કરીને એણે કહ્યું, "આ મોક્ષા છે." "હા, તો એનું શું છે?" જયવીરે પરસેવો લૂછ્યો, "જરા મમ્મીને બોલાવી લઉં. મમ્મી....."

એટલામાં જાજરમાન લાગતાં એનાં મમ્મી આવી પહોંચ્યાં. હવે મોક્ષાએ પહેલ કરી. "નમસ્તે આન્ટી. હું ને જયવીર કોલેજમાં હારે ભણીએ છીએ." એનાં મમ્મીના ચહેરા ઉપર જરા અણગમો છવાઈ ગયો, "એમ? જયવીર તો શહેરની પ્રખ્યાત કોલેજમાં મોંઘીદાટ ફી ભરીને ભણે છે." જયવીર તરફ ફરીને એ ધીમેકથી બોલ્યાં, "સાચું કહેજે જયવીર. આ ઓર્ડિનરી કપડાં પહેરેલી અને ગામઠી બોલી બોલતી છોકરી તારી સાથે ભણે છે?" જયવીર કંઈ જ બોલી ન શક્યો.

પણ એ સાંભળી ગયેલી મોક્ષાના મોંઢામાંથી શબ્દો સરી પડ્યા, "મને માફ કરજે, જયવીર. અહીં કપડાં અને બોલી પરથી માણસનું મૂલ્યાંકન થાય છે. મને અહીં ગૂંગળામણ થાય છે." સ્તબ્ધ ઊભેલા જયવીરને છોડીને સડસડાટ ચાલી ગયેલી મોક્ષા બહાર ઊભેલા હિરેનને પૂછી રહી, "તારા ઘરે આપણે અત્યારે પાછાં જઈ શકીએ?"

- mtabuch150@gmail.com

સફળ થવાનો એક નુસખો નિષ્ફળતાનું વિશ્લેષણ કરવું એ પણ છે હોં...

નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

આ સૃષ્ટિમાં જે કંઈ થાય છે તે ઈશ્વરની મરજીથી થાય છે. તમારા મનમાં સફળ થવાનો વિચાર આવે છે, વારંવાર વિચાર આવે છે અને તમે ધારો છતાં એ વિચારોમાંથી મુક્ત નથી થઈ શકતા ત્યારે નક્કી માનજો કે ઈશ્વરે જ તમને પસંદ કર્યા છે. એ તમારા થકી કાંઈક કરાવવા ઈચ્છે છે.

જ્યારે પણ તમારા મનમાં વિચાર આવે કે મારે આ કળામાં આગળ વધવું છે કે પછી કોઈ ક્ષેત્રમાં કામ કરવાની કે જીવનમાં કોઈ એક મુકામે પહોંચવાની, કોઈ લક્ષ્ય હાંસિલ કરવાની પ્રબળ ઈચ્છા થાય ત્યારે એ ઈચ્છા જન્મી ભલે તમારા મનમાં હોય એનો દોરી સંચાર તો એ પરમ તત્વ કરી રહ્યું હોય છે જેણે આખી દુનિયામાં બીજા કોઈના નહિ ને તમારા જ મનમાં એ ઈચ્છા જગાડી છે.

હવે તમે કહેશો કે ઈચ્છા તો થઈ જાય નિયતી પણ એ પછી શું? અરે...ઈચ્છા કરી લીધા બાદ શું એ જ તો હું કહી રહી છું ભલા માણસ. આગળનું સૌથી જરૂરી અને સૌથી મુખ્ય કામ છે ગમ્મે તેવા સંજોગોમાં પણ એ ઈચ્છાને વળગી રહેવું અને એને પૂરી કરવા માટે કામ કરતા રહેવું. ધીમે ધીમે તમને ખ્યાલ આવશે કે તમારી મંજિલ સુધીની સફરમાં તમે એકલા નથી. તમારી સાથે એ પરમ તત્વ પણ છે અને ડગલે ને પગલે એ તમને મદદ મોકલ્યા કરે છે!

આ બધી વાતો ખૂબ ગૂઢ અને રહસ્યમય છે, બિલકુલ આપણાં જીવન જેવી. દરેક મનુષ્ય જો બધું જ સમજી શકતો હોત તો અહીંયા કોઈ દુઃખી કે ઉદાસ ના હોત, રાઈટ! બધા લોકો બધું નથી સમજી શકતા એ જ તો મોટો પ્રોબ્લેમ છે અને એવા લોકોને સરળતાથી સમજાવવા માટે જ આપણે ત્યાં વાર્તાઓ, બોધ કથાઓ લખાય છે. ટુંકમાં હું પણ તમને મારી વાત સમજાવવા હવે એક વાર્તાનો સહારો લઈ રહી છું...

વરસો પહેલાની વાત છે. એક યુવકને એના દાદાએ મરતી વેળાએ કહેલું કે લીંબડી વાળા ખેતરમાં આપણાં વડવાઓ સોનું દાટી ગયા છે. છોકરો રાજી રાજી થઈ ગયો. એક સવારે વહેલો ઉઠી એ ખેતરમાં ગયો ને જમીન ખોદવા લાગ્યો ત્યારે એના પિતાએ કહ્યું, તારા દાદાએ તને જે કહ્યું એવું આપણા કુટુંબનો દરેક ડોસો મરતી વખતે કહીને જાય છે આજ સુધી કોઈને ખજાનો નથી મળ્યો. છોકરાને અંદરથી એવું લાગતું હતું કે એ ખજાનો એને ચોક્કસ મળી જશે. આજ સુધી એ કોઈને નથી મળ્યો કેમ કે એ એના નસીબનો છે. એને સતત એવા વિચાર આવતાં હતાં કે ખજાનો મળી ગયો. થોડા દિવસો બાદ એણે ફરી મનનું કહ્યું માન્યું અને જમીન ખોદવાનું કામ ચાલું કર્યું.

આખું ખેતર બરાબરનું ખોદી નાંખ્યું છતાં ખજાનો હાથ ના લગ્યો ત્યારે એના બાપા કહે મૂરખ તું સમજતો કેમ નથી? ત્યાં કોઈ તારો દાદો ખજાનો નથી દાટી ગયો. છોકરાઓ ખેતર ખેડવું ના ભૂલી જાય એટલે એમની પાસે મજૂરી કરાવવાની આ વડવાઓની વરસો જૂની ચાલ છે. એ છોકરો આખું ખેતર જોઈ વળેલો હવે બસ જ્યાં લીંબડીનું ઝાડ ઊભું હતું એટલો ખૂણો જ બાકી હતો. હજી એનું મન નહોતું માની રહ્યું પણ હા, એ એના પિતાના કડવા વેણથી થોડોક હતોત્સાહ જરૂર થયેલો. છેવટે એણે નિરાશ થઈને એટલો ખૂણો ખોદવાની ઈચ્છા જતી કરી પરાણે બીજે મન લગાડેલું.

આ વાતને લગભગ બે મહિના થયા હશે ને છોકરાના પિતાએ એ ખેતર એક જણને વેચાતું આપી દીધું. આ વખતે ફરી છોકરાને યાદ આવ્યું કે હજી લીંમડી નીચે ખજાનાની તપાસ નથી કરી. છોકરાને થયું કે પોતે રાત્રે જઈને એ લીંબડી નીચે ખોદી આવશે. એક રાત્રે એ ઉઠેલો પણ બહારની તેજ ઠંડી અને સૂસવાટા મારતો પવન જોઈ એને ઊંઘ વહાલી લાગેલી અને એ ફરી પથારીમાં પોઢી ગયેલો.

એ જમીન પર પછી નવા માલિક દ્વારા કારખાના માટે ખોદકામ ચાલું થયું ત્યારે ખૂણામાં આવેલી લીંબડી નીચેથી એક પતરાંની પેટી મળી આવી હતી. એ પેટીમાં જૂના જમાનાના સોનાના સિક્કા અને ઘરેણાં ભરેલા હતા.

એ જમીન પહેલાં છોકરાના બાપદાદાની હતી. નવા જમીન માલિકને જે ખજાનો મળ્યો એમાંથી છોકરાને ભાગ આપવો જોઈએ કે નહિ એ બધી વાતની ચર્ચા મેલો. એ વધારે મહત્વની નથી. અહીં મહત્વની વાત એક જ છે અને તે એ જે છોકરાનું મન કહી રહ્યું હતું. એનો એ વિચાર કે મારે આખું ખેતર ખોદીને જોઈ લેવું જોઈએ. કાશ એ રાત્રે તે ઠંડીથી ડરીને ફરી પથારીમાં ના પોઢી ગયો હોત. કાશ એણે જમીન વેચાઈ ગઈ એ પહેલાં જ એ બાકીનો છેલ્લો ખૂણો પણ તપાસી લીધો હોત. કાશ એણે ત્યારે પિતાના કડવા વેણને મન પર ના લીધા હોત અને હતાશ થયા વગર એના મનનો અવાજ સાંભળ્યો હોત.

તમને શું લાગે છે વાર્તા અહીં પૂરી થઈ ગઈ? ના...રે પિકચર અભી બાકી હૈ દોસ્ત! એ છોકરો ત્યારે જીવનમાં ક્યારેય ના થયો હોય એટલો નિરાશ થઈ ગયો હતો. એને રહી રહીને એક જ વિચાર સતાવી રહ્યો હતો કે એણે પોતાના મનની વાત કેમ ના સાંભળી? એણે જ્યારે આખું ખેતર ખોદી નાંખેલું ત્યારે એ છેલ્લો ખૂણો જ શા માટે બાકી રહેવા દીધેલો.

એ રાત્રે પછી છોકરાના સપનામાં એના દાદા આવેલા. એમણે કહેલું કે જે થયું એ હવે ક્યારેય ભૂલતો નહિ, નિષ્ફળતાને બોધપાઠ સમજજે. એ છોકરાએ દાદાની વાતની મનમાં ગાંઠ બાંધી લીધેલી અને આજે...આજે એ છોકરો શેર બજારમાં અઢળક નાણાં રળી રહ્યો છે. કઈ જગ્યાએ રોકાણ કરવું, કયો શેર ખરીદવો કે વેચવો એ વિશે એ પૂરતી તપાસ કરે છે અને સાથે જ એ એના મનનો અવાજ સાંભળવાનું ચાલું રાખે છે. જ્યારે પણ લાગે કે એનો નિર્ણય ફાયદો કરાવશે જ ત્યારે એ પોતાના નિર્ણય પર ટકી રહે છે. ભલે લોકો ગમ્મે તે કહે, એને નુકશાન જશે એવી વાર્તાઓ કરી બિવડાવે એ એકનો બે નથી થતો. હતાશ થઈ જવાય એવા સમયે એની નજર આગળ લીમડાનું ઝાડ આવીને ઊભું રહી જાય છે. એ નક્કી કરે છે કે આ વખતે મારા નસીબમાં લખેલો ખજાનો હું મેળવીને જ રહીશ અને આપણાં બધાના આશ્ચર્ય વચ્ચે એણે હજી એના લીધેલા નિર્ણય બદલ નુકશાની નથી વેઠી.

મનનો અવાજ, આત્માનો અવાજ, સિક્સ્થ સેન્સ આ બધું માનો તો સાચે જ છે અને ના માનો તો ક્યારેય તમે એની જાદુઈ અસર હેઠળ નહિ આવી શકો. એક મજાની વાત કહું, તમે માનો કે ના માનો પણ તમે જ્યારે પણ કોઈ ધ્યેય નક્કી કરી ત્યાં સુધી પહોંચવા પ્રયત્નશીલ થશો એ પરમતત્વ તમને ફાવે અને તમારા ગળા નીચે ઉતરે એવી રીતે તમારી મદદ કરવાનું ચાલું કરી જ દે છે. અને એને આ બધી મદદના બદલામાં પાછું તમારું એક થેંક્સ પણ નથી જોઈતું!

અમસ્તું,

ઉપદેશો હિ મૂર્ખાણાં પ્રકોપાય ન શાંતેય અર્થાત્ કોઈ મૂરખ માણસને સારો બોધ આપવામાં આવે તો તે ગુસ્સે થાય છે અને તેનો લાભ લેવાને બદલે વિપરીત આચરણ કરે છે. (શ્રીમદ્ ભાગવતમ્ ચતુર્થ સ્કંદ)

જ્ઞ્ઞેઅઈં ઞ્ઞઈંઈંઈંઈં

આપણા વિચારો એ આપણી વસિયત છે અને આપણી સમજ એ જ આપણી સંપત્તિ છે...!

લાગણીનો મેળો
રસિક વાળંદ

આદ્ય પર્વ તો અખાત્રીજ, કરે મૂરત ખોળે બહું બીજ ,
ગડમથલે ગાડાં જોતરે, ખાતર પૂંજો મહેનત કરે.
જોડી ગાડું ખેતરે જાય, ખાતર લઈને નાખે ત્યાંય
શરીર ઉઘાડે તડકો સહે, ભાર અલેખે માથે વહે
ક્યારે મન નવ રાખે આશ, એ તો આવે જેઠ માસ.

- શામળ ભટ્ટ

વૈશાખ માસની સુદ પક્ષની ત્રીજ એટલે એક અને અનન્ય...!

આપણા હિન્દુ પંચાંગ મુજબ આખા વરસ દરમિયાન સાડા ત્રણ દિવસ - વસંપંચમી, અક્ષય તૃતીયા , અષાઢી બીજ અને અડધો દિવસ દશેરા નો - ના મુહૂર્ત વણ જોયાં ગણાય છે, એમાંનું એક અક્ષય તૃતીયા - - અખાત્રીજ.

અખાત્રીજ - સ્વયં સિદ્ધ ઈશ્વરીય તિથિ...અક્ષય તિથિ... માનવા માં આવે છે.અક્ષય એટલે જે વસ્તુ કે અવસ્થાનો ક્યારેય નાશ ન થાય એવું. આ દિવસે કરેલા દાન - ધર્મ - સુકર્મ નાં પુણ્ય અક્ષય રહે એવું શાસ્ત્ર વિધાન છે.આ અતિ પવિત્ર તિથિ સાથે ઘણા સંદર્ભો જોડાયેલા છે...જેવા કે , સાત ચિરંજીવી ઓમાંના એક વિષ્ણુ ભગવાન ના છઠ્ઠા અવતાર એવા પરશુરામજી એ ધરતી પર જન્મ ધારણ કર્યો..એમના આયુષ્યનો ક્ષય થયો નહીં એટલે " ચિરંજીવી તિથિ " , આ દિવસે ત્રેતા યુગનો આરંભ થયો એટલે " યુગાદિ -તિથિ " , મહર્ષિ વેદ વ્યાસે ગણેશજી પાસે મહાભારત લખાવવાનો આરંભ કરેલો... સૂર્યદેવે ધર્મરાજ યુધિષ્ઠિરને અક્ષય પાત્ર આપ્યું હતું..મુઠ્ઠીભર પૌંઆ લઈને મોહન મુરલીધરને મળવા આવેલા મિત્ર સુદામાના મિલનનો દિવસ..સુદામાના ઘરે અન્નપૂર્ણા માતાજીનું પ્રાગટય થયું એટલે અન્નપૂર્ણા પ્રાગટય પર્વ...પ્રથમ જૈન તીર્થંકરનાં વર્ષી તપના પારણાં ઈક્ષુ રસ - શેરડીના રસથી કર્યાં એટલે ઈક્ષુ તૃતીયા.. લક્ષ્મીજી એ નર - નારાયણને બરફથી બચાવવા બદ્રી - બોરડીનું રૂપ લીધું એ બદરીનાથ ધામમાં બદ્રીનારાયણ દર્શન તિથિ...

આ બધામાં હું તો નાનપણથી અખાત્રીજ સાંભળી સાંભળી મોટો થયો એટલે આજેય અખાત્રીજ શબ્દ જ મને ગમે. શિયાળુ પાક લેવાઈ ગયો હોય...ખેડૂત અને ખેતર બન્ને સાવ નવરા...પાક વેચાયો હોય એટલે નાણાં હાથમાં પછી મૂરત જોવાની જરૂર પડે ?!! લગ્નસરો બરાબરનો જામે...

મિત્રો, અખાત્રીજના દિવસે " હળોતરા" કરવાના હોય -- આ વાક્ય વડીલોના મુખે સાંભળવા મળતું ત્યારે મનમાં ઘણી ગડમથલ ચાલતી .. હમણાં એક અનુભવવૃધ્ધ પાસેથી એ જાણ્યું. એમણે મને કહ્યું , જૂના કાળમાં દિવાળી ટાણે ઘર લીપીગુપીને ઓતરાદા કરા પર લાકડાની ખીંટી એ હળ ટીંગાડી દીધું હોય એ આજના શુકનવંતા દિવસે ઉતારી સમરાવી ખેડ માટે હળ ઉતારવાનો દિવસ એટલે હળોતરા... આપણી આ હળોતરાની પરંપરા હવે લુપ્ત થવા લાગી..એ દિવસો ખોવાઈ ગયા...એ દિવસે આખા ઘરમાં આનંદ આનંદ ..ખેતરે જવાનો ઉમળકો..બળદ ગાડા તૈયાર કરાય..પાંચ - સાત ધાન ભેગાં કરાય..કંકુ છાંટા નખાય...બળદને ગોળ ખવડાવે.. બધાંને વહેંચે..શુકન રૂપે હળ ખેડામણ થાય.. પછી છાણીયું ખાતર નખાય... વાડની સફાઈ... આમ ખેતી કામના શ્રીગણેશ કર્યાપછી દાળ - ભાત - કંસાર નું જમણ...બટાકાનું શાક તો પાછળથી ઉમેરાયું...હવે તો ખેતી ઘસાઈ ને ખેતરોય ખોવાયા...જો કે યોગેશ્વર કૃષિના પ્રયોગે મૂળભૂત સંસ્કારોને સાબદા રાખ્યા છે...અખાત્રીજે યોગેશ્વર કૃષિમાં સમૂહમાં હળોતરા થાય...બળદ નહીં ટ્રેકટર...શ્રીસુક્તમ ના ભક્તિમય માહોલમાં ગામ આખા નો ખેડૂત પરિવાર કૃતિ ભક્તિમાં જોડાય...પ્રસાદમાં કેરીનો શરબત...દિવ્ય ભવ્ય ભાવના હૈયે વસી જાય..!

ખેર, અખાત્રીજ ટાણે વૈશાખ તપે...કાળઝાળ ગરમી હોય એટલે પાણી , પંખા ને પાદુકાનું દાન , પરબ અને હવાડા ..વગેરેનું સૂચન કરાયું છે. સોનાને " હિરણ્ય ગર્ભ " કહેવાય છે.પૃથ્વીના ગર્ભમાંથી મળે છે તેથી અક્ષય છે.એટલે સોનાની ખરીદી કરાય છે ,આમેય પરાપૂર્વથી સોનાનું મહત્ત્વ છે જ ક્યારેય એનું મહત્ત્વ ઘટ્યું નથી ને ઘટવાનું નથી. આ તો શુભ શુકનવંતો અક્ષય દિવસ આ દિવસે લગ્ન કરીએ તો પતિ -પત્નીનો પ્રેમ ,લગ્નજીવન અક્ષય બને એવી ઉરેચ્છા કોને ન હોય ?!! કદાચ આવી ભાવનાથી નવયુગલો પ્રભુતામાં પગલાં માંડતા હશે ને ...!!

દોસ્તો, આપણી ભારતીય સંસ્કૃતિ અને સમાજ વ્યવસ્થામાં રીતરિવાજો,પરંપરાઓ ,કૃષિ ,ધર્મ, પ્રકૃતિ વગેરેથી સંકળાયેલાં આ લોકપર્વો પાછળ કોઈક ને કોઈક ઈતિહાસ ,દંતકથા , સામાજિક , સાંસ્કૃતિક ,ધાર્મિક દૃષ્ટિકોણ છુપાયેલો છે.આજના ભૌતિક અને ધમાલિયા જીવનમાં આપણી આ અમૂલ્ય વિરાસત -- ' લોકપર્વો ' નું પોત પાતળું પડતું જાય છે.

ઘણીવાર એવો વિચાર આવે કે ઘરેડબદ્ધ જીવતા જીવતરમાં લોકપર્વો - તહેવારો - મેળાઓ ન હોત તો માનવ જીવન કેવું નિરસ - શુષ્ક - કૃત્રિમ - એકવિધ બની જાત...!

વિશ્વમાં જીવતી સંસ્કૃતિ લેખાતી આપણી હિંદુ સભ્યતા " સર્વ જન હિતાય ,સર્વ જન સુખાય " બની રહે એ માટે આર્ષ દ્રષ્ટા ઋષિ મુનિઓ એ ઉત્કૃષ્ટ માનવ્ય ઘડતરની કેળવણી અર્થે **way of life, way of thinking, way of worship** -- આચાર - વિચાર - ઉપાસના પદ્ધતિ વિકસાવી આપણને ધન્ય કર્યા છે. આપણી સંસ્કૃતિની વિચારધારા, તત્વચિંતનને જાણીએ , માણીએ ને મૂલવીએ તો જ તેની મહત્તા સમજાય.

પ્રત્યેક રીત રિવાજ - પરંપરા - પર્વ પાછળ જ્ઞાન - વિજ્ઞાન સંમિલિત તત્વજ્ઞાન રહેલું છે જો એ ઉકેલતાં આવડે તો....!

સ્પર્શમણિ :

લક્ષણોથી કિંમત અંકાય તે સતયુગ, લક્ષ્મીથી કિંમત અંકાય તે કળિયુગ.

● ● ●

આપણા વિચારો એ આપણી વસિયત છે અને આપણી સમજ એ જ આપણી સંપત્તિ છે...!

● ● ●

- rasikvaland1965@gmail.com
9913426949